# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-12-2025 Day: Friday Evening : 7.05 to 7.10 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુસદા મતદાર યાદી પ્રસિદ્ધ

**પીએમ. ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી 'ખાસ સઘન સુધારણા ઝુંબેશ' (SIR) હેઠળ આજે મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાના જણાવ્યા અનુસાર, દોઢ માસના ડોર-ટુ-ડોર સર્વે બાદ કુલ 5.08 કરોડ મતદારો પૈકી 4.34 કરોડ મતદારોના ગણતરી ફોર્મ મળ્યા હતા.**

**આ ઝુંબેશ દરમિયાન કુલ 73.73 લાખ જેટલા નામો યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે, જેમાં 18.07 લાખ મૃતક, 40.25 લાખ કાયમી સ્થળાંતરિત અને 3.81 લાખ ડુપ્લિકેટ મતદારોનો સમાવેશ થાય છે. હવે જે નાગરિકો નવા નામ નોંધાવવા કે સુધારો કરવા માંગતા હોય તેઓ 18 જાન્યુઆરી, 2026 સુધીમાં વાંધા-દાવા રજૂ કરી શકશે.**

**તમામ ફોર્મનું ડિજિટાઈઝેશન પૂર્ણ કરી દેવાયું છે અને મુસદ્દા યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આગામી 10 ફેબ્રુઆરી સુધીમાં વાંધાઓનો નિકાલ કરીને આખરી યાદીની પ્રક્રિયા હાથ ધરાશે.**

**------------------------------------------------------------------------------------**

## એરપોર્ટ હસ્તકલાને પ્રોત્સાહન આપતા સ્ટોલ ઊભા કરાશે

**એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્થાનિક કલા અને ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા 'અવસર' યોજના અમલમાં મૂકાઈ છે. જે અંતર્ગત 'એક એરપોર્ટ-એક ઉત્પાદન'ના અભિગમ સાથે ભુજ, કંડલા અને મુંદરા સહિત રાજ્યના 10 એરપોર્ટ પર વિશેષ સ્ટોલ ઊભા કરવામાં આવશે. કચ્છના ત્રણેય એરપોર્ટ પર હસ્તકલાને પ્રોત્સાહન આપતા સ્ટોલ ઉભા કરાશે.**

આ પહેલ હેઠળ સ્વયં સહાય સમૂહો, ખાસ કરીને મહિલાઓને સ્ટોલ ફાળવવામાં આવશે, જ્યાં તેઓ હસ્તકલા, પરંપરાગત ખાદ્યપદાર્થો અને સ્થાનિક ઉત્પાદનોનું વેચાણ કરી શકશે. આ નિર્ણયથી સ્થાનિક કારીગરોને વૈશ્વિક ઓળખ મળશે અને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત થશે. એરપોર્ટ હવે માત્ર મુસાફરીનું કેન્દ્ર નહીં, પરંતુ સંસ્કૃતિ અને મહિલા સશક્તિકરણનું પ્રદર્શન કેન્દ્ર બનશે.

---------------------------------------------------------------------------------------------

## ભુજમાં જિલ્લાકક્ષાનો કૌશલ્યઉત્સવ

સમગ્ર શિક્ષા ગાંધીનગર અને કચ્છ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ભુજની ઇન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો કૌશલ્યોત્સવ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય બાદ શરૂ થયેલા આ કાર્યક્રમમાં જિલ્લાની વિવિધ વોકેશનલ શાળાઓના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૩૫ જેટલા પ્રોજેક્ટ્સ અને મોડ્યુલ્સ રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ૧ થી ૩ વિજેતા શાળાઓને શિલ્ડ તેમજ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં શ્વાનો માટે ફિડિંગ સ્પોર્ટ કાર્યરત

ગાંધીધામ-આદિપુર સંકુલમાં દર મહિને સરેરાશ ૭૦૦ લોકોને શ્વાન કરડવાની ઘટનાઓ સામે આવતા મહાનગરપાલિકાએ કડક વલણ અપનાવ્યું છે. રખડતા શ્વાનના ખસીકરણ અને સારવાર માટે ₹૩ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. તંત્ર દ્વારા એનિમલ બર્થ કંટ્રોલ હેઠળ વિવિધ વિસ્તારોમાં ૧૮ ફીડિંગ સ્પોટ કાર્યરત કરાયા છે. નાગરિકોને માત્ર આ નિયત સ્થળો પર જ શ્વાનને ખોરાક આપવા સૂચના અપાઈ છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિ.માં પીએચડી માટે 205 વિદ્યાર્થીઓની નોંધણી

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૫ની પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી ૨૦ વિષયોમાં ૨૦૫ વિદ્યાર્થીઓની નોંધણી કરવામાં આવી છે. યુનિવર્સિટીના આર એન્ડ ડી વિભાગ દ્વારા આ વિદ્યાર્થીઓ માટે પ્રથમ તબક્કાનું ઓનલાઈન 'કોર્સ વર્ક' શરૂ કરવામાં આવ્યું છે.

વિભાગાધ્યક્ષ ડૉ. ગૌરવ ચૌહાણના જણાવ્યા મુજબ, ૯૦ કલાકના આ અભ્યાસક્રમમાં રિસર્ચ મેથોડોલોજી ઉપરાંત AI અને પેટન્ટ જેવા આધુનિક વિષયો પર દેશના તજજ્ઞો માર્ગદર્શન આપશે.

---

## ગઢશીશાથી મોથાળાના રોડનું નવીનીકરણ

ગઢશીશાથી મોથાળા વાયા કોટડા-રોહા-નરેડી સુધીના 24 કિમીના મહત્વના રસ્તાના નવીનીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 90 કરોડની ગ્રાંટ મંજૂર કરવામાં આવી છે. અબડાસા અને માંડવીના ધારાસભ્યની રજૂઆતને પગલે CRIF યોજના હેઠળ આ રકમ ફાળવાઈ છે.

આ પ્રોજેક્ટ હેઠળ હાલનો 3.75 મીટરનો સિંગલ પટ્ટી રસ્તો પહોળો કરી 10 મીટરનો બનાવવામાં આવશે. આ માર્ગના નિર્માણથી પ્રવાસન, યાત્રાધામો, સરહદી વિસ્તારો અને જીએમડીસી માઇન્સના ભારે વાહનોના પરિવહનમાં સરળતા રહેશે તથા ટ્રાફિકની સમસ્યા હલ થશે.

---

## ભુજની કોમર્સ કોલેજમાં સીએની પરીક્ષાનું કેન્દ્ર

ભુજની પીપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે.બી. ઠક્કર કોમર્સ કોલેજને આઇસીએઆઇ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષાઓ માટે સત્તાવાર કેન્દ્ર જાહેર કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર શરૂ થવાથી કચ્છના વિદ્યાર્થીઓને હવે CAની પરીક્ષા માટે ઘરઆંગણે જ સુવિધા મળશે. 1969થી કાર્યરત આ કોલેજમાં જાન્યુઆરી-2026માં પ્રથમ વખત CAની પરીક્ષાઓ લેવાશે.

---

## હવામાન

**અડધો ડિસેમ્બર માસ વીતી ગયો હોવા છતાં કચ્છમાં હજુ સુધી શિયાળાએ તેની અસલી પકડ જમાવી નથી. હાલમાં સમગ્ર જિલ્લામાં મિશ્ર ઋતુનો અનુભવ થઇ રહ્યો છે જેમાં રાત્રિથી પરોઢ સુધી ઠંડક રહે છે પરંતુ બપોર દરમિયાન વાતાવરણ ગરમ અને હુંફાળું બની જાય છે. લઘુત્તમ તાપમાનના આંકડાઓમાં પણ આજે સામાન્ય વધારો જોવા મળ્યો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન 14.8 ડિગ્રી, ભુજમાં 16.1 ડિગ્રી અને કંડલામાં 17.4 ડિગ્રી તાપમાન નોંધાયું છે. મહત્તમ તાપમાનનો પારો 31થી 33 ડિગ્રીની આસપાસ રહેતા બપોરના સમયે ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે.**

---

## મુન્દ્રામાં રક્તદાન કેમ્પ

**મુંદરા સેઝ સ્થિત OCCL કંપની અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે જી.કે. જનરલ હોસ્પિટલ ભુજના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં રક્તદાતાઓના ઉત્સાહને કારણે કુલ ૨૬ હજાર ૯૫૦ સીસી રક્ત એકત્રિત થયું હતું. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદના હોદ્દેદારો, કંપનીના અધિકારીઓ અને ગ્લોબલ કચ્છના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.**

---